# દેખી શ્રી પાર્શ્વ તણી મૂર્તિ અલબેલડી

દેખી શ્રી પાર્શ્વ તણી મૂર્તિ અલબેલડી,

દેખી શ્રી પાર્શ્વ તણી મૂર્તિ અલબેલડી, ઉજ્જવળ ભયો અવતાર રે,

મોક્ષગામી  ભવથી ઉગારજો, શિવધામી ભવથી ઉગારજો

દેખી શ્રી પાર્શ્વ તણી મૂર્તિ અલબેલડી,

દેખી શ્રી પાર્શ્વ તણી મૂર્તિ અલબેલડી, ઉજ્જવળ ભયો અવતાર રે,

મોક્ષગામી ભવથી ઉગારજો, શિવધામી ભવથી ઉગારજો

મસ્તકે મુગટ સોહે, કાને કુંડળીયા (૨)

ગળે મોતિયનકા હાર રે, હે વહાલા ગળે મોતિયનકા હાર રે

મોક્ષગામી ભવથી ઉગારજો, શિવધામી ભવથી ઉગારજો

પગલે પગલે તારા ગુણો સંભારતા (૨)

અંતરના વિસરે ઉચાટ રે, હે મારાં અંતરના વિસરે ઉચાટ રે,

મોક્ષગામી ભવથી ઉગારજો, શિવધામી ભવથી ઉગારજો

આપના દરિશને આત્મા જગાડ્યો (૨)

જ્ઞાન દીપક પ્રગટાવ રે, હે પ્રભુ જ્ઞાન દીપક પ્રગટાવ રે,

મોક્ષગામી ભવથી ઉગારજો, શિવધામી ભવથી ઉગારજો

આત્મા અનંતા પ્રભુ આપે ઉગારીયા (૨)

તારો સેવકને ભવપાર રે, હે વહાલા તારો સેવકને ભવપાર રે

મોક્ષગામી ભવથી ઉગારજો, શિવધામી ભવથી ઉગારજો

દેખી શ્રી પાર્શ્વ તણી મૂર્તિ અલબેલડી, ઉજ્જવળ ભયો અવતાર રે,

મોક્ષગામી ભવથી ઉગારજો, શિવધામી ભવથી ઉગારજો

2016-03-06 - https://www.youtube.com/watch?v=5q5_n9_LyJ4